RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતીમાં સભ્ય પરિવારનું સ્નેહ મિલન, સંગીત સંધ્યા, ભોજન સમારંભ તેમજ વિવિધક્ષેત્રે આગવું યોગદાન આપનારાઓનું સન્માન સમારંભનું તા.૦૪-૦૧-૨૦૨૫, શનિવારના રોજ ભવ્ય આયોજન.....

વેપાર–ઉધોગની વરિષ્ઠ અને ૭૦ વર્ષથી સતત કાર્યરત એવી મહાજન સંસ્થા 'રાજકોટ ચેમ્બરઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી"ના વિશાળ સભ્ય પરીવારનું સ્નેહ મિલન, સંગીત સંધ્યા અને સ્વરૂચી ભોજન સમારંભ તથા વિવિધ ક્ષેત્રે આગવું યોગદાન આપનારાઓનું સમારંભનું તા.૦૪-૦૧-૨૦૨૫, શનિવારના સાંજના ૬–૦૦ વાગ્યે, રોયલ–સેફ્રોન પાર્ટી પ્લોટ, સપ્તપદી પાર્ટી પ્લોટ પાછળ, કાલાવડ રોડ રાજકોટ ખાતે આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં શોભામાં અભિવૃધ્ધિ વધારવા મુખ્ય મહેમાન તરીકે **ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા ગૃહરાજયમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી**, પ૨મપૂજય સ્વામીશ્રી પરમાત્માનંદ સરસ્વતીજી (આર્સ વિધામંદિર મુંજકા) તેમજ રાજયના મંત્રીશ્રીઓ, સાંસદ સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, તથા મેયરશ્રી તેમજ વિવિધ સંસ્થાના હોદેદારો તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમ માટે રાજકોટ ચેમ્બરનાં સભ્યોએ પોતાના પાસ ચેમ્બરની ઓફિસેથી વહેલીતકે મેળવી લઈ આ સ્નેહમિલન કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહેવા તમામ સભ્યોને અનુરોધ કરવામાં આવે છે. તેમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની અખબારી યાદીમાં જણાવેલ છે.